દાખલ તારીખ :- ૨૪/૦૨/૨૦૨૬
નોંધણી તારીખ :- ૨૪/૦૨/૨૦૨૬
ફેંસલ તારીખ :- ૧૨/૦૩/૨૦૨૬
સમયગાળો :- વર્ષ-માસ-દિવસ
૦૦-૦૦- ૧૮

**મે.એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, પાટણ. મુ.રાધનપુર.**

**ક્રિ.પર.અ. નં.૭૮/૨૦૨૬**
**આંક :-૦૬**

**અરજદાર** :- (૧) પચાણભાઈ વાઘાભાઈ રબારી
(૨) હમીરભાઈ કુરશીભાઈ (કરમશીભાઈ) રબારી
બંને રહે. નાણા, તા.હારીજ, જિ.પાટણ

**વિરૂધ્ધ**

**સામાવાળા** :- શ્રી સરકાર

**બાબત** :- **બી.એન.એસ.એસ.-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે અરજ.**

**એડવોકેટસ :-**
અરજદાર/આરોપી તરફે : વિ.વકીલશ્રી એલ.પી.ઠાકોર
સામાવાળા શ્રી સરકાર તરફે : વિ.એ.પી.પી.શ્રી એસ.કે.પટેલ

**-:: ઠ રા વ ::-**

**(૧)** આ કામના અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ રાધનપુર પો.સ્ટે. ગુના રજી.નં.૧૧૨૧૭૦૨૭૨૫૧૦૭૨/૨૦૨૫,ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૧૧૮(૨), ૮૫, ૩૫૧(૩), ૨૯૬(બી), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના નોંધાયેલ છે. આ કામના અરજદાર/આરોપીઓએ તેઓ હાલના ગુન્હાના કામે તા.૨૧/૦૨/૨૦૨૬ ના રોજથી જયુડીશીયલ કસ્ટડીમાં હોય હાલની રેગ્યુલર જામીન અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીઓની હાલની અરજી ઉપરથી સામાવાળા શ્રી સરકારને નોટીસ કરવામાં આવેલી. સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.કે.પટેલ હાજર રહેલા છે અને અરજદાર/આરોપીઓને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા સામે વાંધા લીધેલ છે. તપાસ કરનાર અધિકારી દવારા આંક–૫ થી સોગંદનામું કરી અરજદાર/આરોપીઓને રેગ્યુલર જામીન ઉપર મુકત ન કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપીઓ તરફે વિ.વ.શ્રી ધ્વારા એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, અરજદાર/આરોપીઓએ નામ.ટ્રાયલ કોર્ટ ધ્વારા શરતોને આધીન જામીન આપવામાં આવેલ પરંતુ આરોપીઓએ પોલીસ સ્ટેશનમાં હાજરી ન પુરાવી શરત નં.૩ નો ભંગ કરતાં તે બદલ ફરીથી જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, સહ આરોપી બળદેવભાઈ વાઘાભાઈ રબારી નાઓનો અકસ્માત થતાં અરજદાર નં.૧ તે તેઓના ભાઈ થતાં હોઈ તથા અરજદાર નં.ર નાઓ તેઓના કાકા થતાં હોઈ સારવારમાં તેઓની સાથે હતા અને આ કારણસર પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવી શકેલ નહી. આરજદાર/આરોપીઓ ગરીબ વર્ગના માણસ છે અને ખેત–મજુરી કરી તેઓના પરિવારનુ ગુજરાન ચલાવે છે. અરજદાર/આરોપીઓ નામદાર કોર્ટમાં નિયમીત હાજર રહેશે. અરજદાર/આરોપીઓ સ્થાનીક રહીશ છે, કયાંય નાસીભાગી જાય તેમ નથી તેમજ ટ્રાયલ દરમીયાન નિયમીત હાજર રહેશે. અરજદાર/આરોપીઓ જામીન ઉપર મુકત થયા પછી નાસી–ભાગી જશે નહી. અરજદાર/આરોપીઓ આ કામના ફરીયાદી સાહેદોને ફોડવા કે લલચાવવા પ્રયત્નો કરશે નહી અને પુરાવા સાથે ચેડા કરશે નહી. અરજદાર/આરોપીઓ પર જે શરતો મુકવામાં આવશે તે શરતોનું પાલન કરશે. સદર કેસની ટ્રાયલ પૂર્ણ થતા અચોકકસ સમય પસાર થાય તેમ છે અને અરજદાર/આરોપીઓને ટ્રાયલ દરમિયાન ખોટી રીતે ગોંધાઈ રહેવુ પડે. ''જામીન એ નિયમ અને જેલ અપવાદ'' વાળો સિધ્ધાંત તેમજ સંજય ચંદ્રા વિ. સી.બી.આઈ. ના

ચુકાદાને ધ્યાને લઈ તથા ઉપરોકત દલીલથી તેઓએ અરજદાર/આરોપીઓને જામીન પર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીઓએ ટ્રાયલ કોર્ટ ધ્વારા જે શરતોને આધીન જામીન આપેલા તેમાંની શરતોનો ભંગ કરેલ છે અને પો.સ્ટે.મા હાજરી પુરાવવાની શરત નં.૩ નો ભંગ કરેલ છે. અરજદાર/આરોપીઓએ ભેગા મળીને સ્ત્રીને માર મારેલ છે અને જયારે રાધનપુર પોલીસ તેઓને હારીજ મુકામેથી અટક કરવા ગયેલ છે ત્યારે પોલીસ ઉપર પથ્થરમારો કરવામાં આવેલ છે અને ત્યારબાદ જામીન મળતા નામ.કોર્ટની શરતોનો અરજદાર/આરોપીઓએ ઉલંઘન કરેલ છે. આથી અરજદાર/આરોપીઓને કાયદાનો ડર નથી તે હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીઓની હાલની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) બંને પક્ષોને લંબાણ પુર્વક સાંભળ્યા બાદ અને ચાર્જશીટ ધ્યાને લેતાં હાલનો કેસ ન્યાયીક પ્રક્રિયા વાસ્તે વિલંબીત હોય વિશેષ ચર્ચા નહી કરતા **નામદાર સુપ્રીમ કોર્ટના ક્રિ.અપીલ નં. ૧૮૯૮/ ૨૦૨૩ના યુવાપ્રકાશ વિ. સ્ટેટ ના** ચુકાદાને ધ્યાને લેતાં હાલની અરજી મંજુર રાખવી ઉચિત જણાતી હોય હાલની અરજી સંદર્ભે નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુ ક મ</u> ::-**

(૧) આ કામના અરજદાર/આરોપી નં.(૧) પચાણભાઈ વાઘાભાઈ રબારી (૨) હમીરભાઈ કુરશીભાઈ (કરમશીભાઈ) રબારી બંને રહે. નાણા, તા.હારીજ, જિ.પાટણ, હાલ સબજેલ સુજનીપુર, પાટણ વાળાઓની રેગ્યુલર જામીન અરજી **મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રત્યેક અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટમાં રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકો આપ્યેથી, નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–: શરતો :–**

૧. અરજદાર/આરોપીઓએ ટ્રાયલ દરમિયાન મુદતે અનિવાર્ય સંજોગો સિવાય નિયમીત હાજર રહેવું.

૨. અરજદાર/આરોપીઓએ ફરીયાદપક્ષના કેસને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય સીધી કે આડકતરી રીતે કરવું નહી, તેમજ ફરીયાદપક્ષના સાક્ષીઓને ધાક ધમકી આપવી નહી કે પુરાવા સાથે ચેડા કરવાની કોષિશ કરવી નહી.

૩. અરજદાર/આરોપીઓએ સુલેહ, શાંતિ જાળવવી અને આવા પ્રકારનો કોઈ ગુનો કરવો નહી.

૪. જો અરજદાર/આરોપીઓ પાસપોર્ટ ધરાવતા હોય તો તેઓએ જામીન મુકત થયેથી દિન–૧૦ માં નામ.કોર્ટમાં જમાં કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગે સોગંદનામું નામ.કોર્ટમાં રજુ કરવું.

૫. અરજદાર/આરોપીઓએ પોતાનું કાયમી રહેઠાણનું સરનામું આધાર કાર્ડની નકલ સાથે નામ. કોર્ટમાં જાહેર કરવું અને તે નામ.કોર્ટની પરવાનગી વગર બદલવુ નહી.

૬. અરજદાર/આરોપીઓએ જામીન નામ.ટ્રાયલ કોર્ટમાં આપવા.

(૩) આ હુકમ સબંધે સંબંધકર્તા પોલીસ સ્ટેશન તથા સંબંધીત જેલના જેલર શ્રીને યાદી કરવી.

હુકમ આજરોજ તા.**૧૨મી**, માહે–**માર્ચ,** સને–**૨૦૨૬** ના દિવસે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૨/૦૩/૨૦૨૬
પાટણ, મુ.રાધનપુર

**આર.આર.ચૌધરી**
એડીશનલ સેશન્સ જજ,
પાટણ, મુ.રાધનપુર
કોડ નં.GJ-01512